__બાય : ફેકસ__

અતુલભાઇ ભીમજીભાઇ ચાવડા ઉર્ફે વિકી
મુ. અમરેલી, સર્વોદય સોસાયટી, ચિતલ રોડ,
બ્લોક નં. ૨૦- બી, મુ.પો.તા.જિ. અમરેલી.
(મો) ૯૯૭૯૦ ૩૬૪૬૫
તા.૦૯/૦૪/૨૦૧૯

પ્રતિ,
(૧) શ્રી પોલિસ મહાનિર્દેશક અને મુખ્ય પોલિસ અધિકારી સાહેબ,
પ્રથમ માળ, પોલિસ ભવન,
સેકટર-૧૮, ગાંધીનગર.
(૨) શ્રી રેંજ આઇ.જી. સાહેબ,
ભાવનગર.
(૩) શ્રી જિલ્લા પોલિસ અધિક્ષક સાહેબ,
અમરેલી.

બાબત :- __દલિતો મુછો રાખે અને સોનાના ચેઇન ઘરેણા પહેરે તો તેને ડરાવતાં ધમકાવતા અમરેલીના એ.એસ.પી. પ્રેમસુખ ડેલુ સામે Disciplinary Prociding ચાલુ થવા બાબત અને મને ન્યાય નહિ મળે તો એસ.પી. કચેરી- અમરેલી સામે આત્મ વિલોપન કરવાનું વિચારીશું.__

મે. સાહેબશ્રી,

ઉપરોક્ત બાબતે જણાવવાનું કે અમો અરજદાર કન્સ્ટ્રકશનનો વ્યવસાય કરી અમારા કુટુંબનું ગુજરાન ચલાવીએ છીએ અને અનુ.જાતિના સામાજીક પ્રશ્નોમાં અમો સમાજ સેવાનં કામ પણ કરીએ છીએ. અમરેલીના એ.એસ.પી. શ્રી પ્રેમસુખ ડેલુ કે જેમનો મોબાઇલ નં. ૯૯૨૯૬ ૪૨૯૨૯ છે. તેઓએ ગત રાત્રે તા.૦૮/૦૪/૨૦૧૯ ના રોજ અમરેલી સર્કિલ હાઉસ સામે અમારી જ્ઞાતિ વિરૂધ્ધ અપમાનજનક શબ્દો ઉચ્ચારી અમોને વિના કારણે, ગુન્હેગાર ન હોવા છતાં ગુન્હેગાર જેવુ વર્તન કરી, **"દલિતો મૂછો રાખે પછી પોલિસને ધંધે લાગવુ પડે છે, તારી મૂછો ખેંચી નાખતા મને આવડે છે."**

...૨





**સોનાના ઘરેણાનું બીલ લાવ ? "લોકઅપમાં નાખી દઇશ"** વિગેરે શબ્દો વડે અમારી સ્વતંત્રતા છીનવતાં શબ્દો દ્વારા અમારૂ અપમાન કરેલ છે. આ દેશમાં એક નાગરીક તરીકે અમારે સ્વાતંત્રપુર્વક જીવવાના અધિકાર પર ગેરકાનુની રીતે તરાપ મારી એ.એસ.પી. ડેલુએ પોતાની ખાખી વર્દીનો ખાખી ગુંડા તરીકે ઉપયોગ કરેલ છે તેની સિલસિલાબંધ વિગતો નીચે મુજબ છે. જે ધ્યાને લઇ તેમની સામે ખાતાકીય તપાસ તથા ડીસીપ્લેનરી પ્રોસીડીંગ્ઝ ચાલુ થવા અમારી માંગણી છે.

(૧) તા.૦૮/૦૪/૧૯ નાં રોજ ખજુરી ગામે એક સામાજિક મીટીંગ એટલે ચિંતન શિબીર લેવા અમો તથા અમારા સામાજિક આગેવાન નવચેતનભાઇ પરમાર, જિતેન્દ્રભાઇ પ્રિયદર્શી તથા ભાવેશભાઇ બગડા ફોરવ્હીલ ગાડીમાં સાથે ગયેલા અને બગસરા ગામે થઇ રાત્રીના ૧૧/૦૦ થી ૧૧/૩૦ ની આસપાસ ચિતલ રડ ઉપર અમરેલી સર્કિટ હાઉસ પાસે એક સાદા ડ્રેસમાં લાંબી ચડ્ડી પહેરેલ, લાંબા લાલ કલરના હોલ બુટ પહેરી એક માણસ ઉભેલો હતો. ત્યારે સર્કિટ હાઉસમાં અમારી મોટર સાયકલ હોય તે લેવા અમો ફોરવ્હીલમાંથી ઉતર્યા ત્યારે આ સાદા ડ્રેસમાં ઉભેલા માણસે મને સર્કિટ હાઉસમાં જતા રોકી તેની પાસે મને બોલાવેલ અને મને પૂછેલ કે ક્યાં જાઇ છે ? જેથી મે જણાવેલ કે મારી મોટર સાયકલ સર્કિટ હાઉસમાં પડી છે તે લેવા જઉ છું, તો મને જણાવેલ કે તો રાજકીય માણસ છો. સર્કિટ હાઉસમાં ચુંટણી દરમ્યન રાજકીય હેતુ માટે સર્કિટ હાઉસનો ઉપયોગ ન કરી શકાય. જેથી મે કહેલ કે હું ભા.જ.પ. કે કોંગેસનો કાર્યકર નથી અને સર્કિટ હાઉસમાં મોટર સાયકલ એટલા માટે મૂકેલ છે કે મારે અચાનક બહાર સામાજિક મીટીંગ લેવા જવાનું થતાં મે મોટર સાયકલ અહીંયા રાખી છે અને રોજ સર્કિટ હાઉસમાં ૫૦ થી ૬૦ મોટર સાયકલ પડી હોય છે. તેના માટે પરમીશન કોઈ લેતુ નથી અને મે રાજકીય હેતુથી કોઈ સર્કિટ હાઉસનો ઉપયોગ કરેલ નથી. તો આ સાહેબ વધુ ઉશ્કેરાયેલા અને મને કહેવા લાગેલ કે મારા ગળામાં સોનાની ચેઇન, હાથમાં સોનાનું બ્રેસલેટ અને સોનાની વીંટીઓ પહેરી છે તેનું બીલ લાવ. જેથી મે જણાવેલ કે સાહેબ મારી પાસે જી.એસ.ટી. વાળુ પાકુ બીલ છે જે ઘરે છે. તો મારી સામે કેમ બોલે છે ? મૂછો કેમ મરડે છે તેમ જણાવી અને કહેવા લાગેલ કે કાઠી / દરબાર છો ? જેથી અમારી સાથેના આગેવાન શ્રી નવચેતનભાઇ પરમારે

...૩



જણાવેલ છે કે ના સાહેબ અમો દરબારો નથી. અમો દલિતો છીએ ત્યારે આ સાહેબ એવુ જણાવેલ કે હું અમરેલીનો એ.એસ.પી. ડેલુ સાહેબ છું અને દલિતોએ મૂછોના રાખવી અને ઘરેણા ન પહેરવા આવુ કરો છો તેમાં જ તમારી ઉપર દરબારો હુમલા કરે છે અને પોલિસને ધંધે લાગવુ પડે છે. જેથી મે જણાવેલ કે સાહેબ આ દેશ આઝાદ છે અને અમો ભારત દેશના સ્વતંત્ર નાગરીક છીએ. જેથી અમો હવે બધુ જ પહેરી શકીએ અને ઘોડે સવારી પણ કરી શકીએ તેવુ કહેતા આ સાહેબ લાલ પીળાં થઇ ગયા અને મારી જ્ઞાતિ વિરૂધ્ધ મનફાવે તેમ બોલવા લાગેલા અને મને કહેવા લાગેલા કે તારી મૂંછોના આંકડા નીચે કરી નાખ. નહીંતર તારી મૂંછો મને ખેંચી નાખતા આવડે છે અને લોકઅપમાં પુરી દઇશ તેવું બોલેલા. તે પછી સીટી પી.એસ.આઇ. મોરી સાહેબ તથા એસ.ઓ.જી. પી.એસ.આઇ. કરમટા સાહેબ વિગેરે ૩-૪ જણા આવી ગયેલા ત્યારે આ ડેલુ સાહેબે મને કહેલ કે માફી માંગ તો જતો કરૂં. જેથી મે જણાવેલ કે મે કોઈ કાયદો તોડેલ નથી, કોઈ ગુન્હો કરેલ નથી. જેથી માફી નહીં માંગુ, જેથી આ સાહેબે મને જોઈ લેવાની ધમકી આપી મને જતો કરેલ છે.

આ એ.એસ.પી. પ્રેમસુખ ડેલુ ખોટા સીનસપાટા કરી ખોટી રીતે નાગરીકોને હેરાન કરવાની વૃતિ ધરાવનારા ઓફીસર છે. તેની સામે ખાતાકીય તપાસ નહીં કરવામાં આવે કે તેની સામે ડીસીપ્લેનરી પ્રોસીડીંગ્ઝ ચાલુ નહીં કરવામાં આવે તો હું એસ.પી. કચેરી- અમરેલી સામે આત્મ વિલોપન કરવા જેવુ પગલું વિચારીશ અને આત્મવિલોપન કરતાં પહેલા લેખીતમાં જાણ કરીશું જેની ગંભીરપણે નોંધ લેશો.

× A.B. Chavda

__નકલ રવાના :-__
માન. ગૃહમંત્રીશ્રી,
પ્રદિપસીંહ જાડેજા સાહેબ.